# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, પોરબંદર

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અને ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ અને The Gujarat Epidemic Diseases Act 1897 અન્વયેનું જાહેરનામું

**નં.એમએજી/સી/કોરોના/જા.નામુ/૧૫૨/૨૦૨૧/૧** **તા.૧૫/૦૨/૨૦૨૧**

વંચાણે લીધા :–

(૧) આ કચેરીના જાહેરનામા ક્રમાંકઃએમએજી/સી/કોરોના જા.નામું/૨૨/૨૦૨૦/૧, તા.૦૨/૦૨/૨૦૨૧

(૨) આ કચેરીના જાહેરનામા ક્રમાંકઃએમએજી/સી/કોરોના જા.નામું/૩૨/૨૦૨૦/૧, તા.૦૩/૦૨/૨૦૨૧

(૩) આ કચેરીના જાહેરનામા ક્રમાંકઃએમએજી/સી/કોરોના જા.નામું/૫૨/૨૦૨૦/૧, તા.૦૫/૦૨/૨૦૨૧

## –:: જાહેરનામું::–

આ કચેરીના વંચાણે લીધા ક્રમ–૧ થી ૩ ના જાહેરનામાંઓથી ફોજદારી કાર્યરિતિઅધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ–૩૦ તથા કલમ–૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 ની કલમ–૨ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવેલ વિસ્તારનેકન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરી નિયંત્રણો ફરમાવવામાં આવેલ છે.

(૧) **પોરબંદર જિલ્લાના કુતિયાણા શહેરના મોટી ખત્રીવાડ વિસ્તારમાં પૂર્વે કૈલાશ લક્ષ્મીશંકર રત્નેશ્વરના ઘરથી પશ્ચિમે જયેશ નવીનચંદ્ર ભગતના ઘર સુધીનો વિસ્તાર**

(૨) **પોરબંદર શહેરના આંબેડકર નગર નરસંગ ટેકરી વિસ્તારમાં ઉત્તરે અજય કેશવ સોંદરવાના ઘરથી દક્ષિણે ટપુ અરશી સાદીયાના ઘર સુધીનો વિસ્તાર.**

(૩) **પોરબંદર જિલ્લાના કડછ ગામાં વરજાંગ આલા કડછા અને જેસા આલા કડછાના ઘરથી વેજા રણમલ કડછા અને મસરી કડછાના ઘર સુધીનો વિસ્તાર.**

આ બાબતે મુખ્યજિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદરના <u>પત્ર ક્રમાંક :</u> જી.પં./આરો/ કોવીડ–૧૯/માઈક્રો કન્ટેઈમેન્ટઝોન/રદબાબત/<u>**૨૯૭**</u>/૨૦૨૧, તા.૧૨/૦૨/૨૦૨૧ થી થઈ આવેલ દરખાસ્તો મુજબ આ વિસ્તારમાં હાલ કોઈ એકટીવ કેસ ન હોય જેથી આ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોનના નિયંત્રણો હટાવવા દરખાસ્ત થઈ આવેલ છે. આ તમામ હકિકતધ્યાને લેતા ઉપરોકત વિસ્તારોને હવે કન્ટેઈનમેન્ટ ઝોન તરીકે ચાલુ રાખવાનું આવશ્યકતાજણાતી નથી. વાસ્તે હું **ડી.એન.મોદી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદર** ફોજદારી કાર્યરિતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪, The Disaster Management Act 2005 ની કલમ–૩૦ તથા કલમ–૩૪ અને The Gujarat Epidemic Deases. COVID-19 Regulations, 2020 ની કલમ–૨અન્વયે મળેલ સત્તાની રૂએ ઉપરોકત વિસ્તારોને હવે કન્ટેઈનમેન્ટ ઝોનના નિયંત્રણમાંથી મુકત જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૫/૦૨/૨૦૨૧ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપેલ છે.

(ડી.એન.મોદી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

રવાના કર્યુ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

<u>નકલ રવાના :–</u>

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર — બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૨. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર — વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૩. મુખ્યજિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર — વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૪. સીવીલ સર્જનશ્રી, ભાવસિહજી હોસ્પીટલ, પોરબંદર — વધારાની ૨૦ નકલ સાથે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર (શહેર/ગ્રામ્ય) — બહોળી પ્રસિધ્ધિ તથા અમલવારી અર્થે
૬. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર,કુતિયાણા — બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૭. મામલતદાર અને એકઝી. મેજીસ્ટ્રેટશ્રી, પોરબંદર, (શહેર/ગ્રામ્ય)રાણાવાવ, કુતિયાણા — બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર, રાણાવાવ, કુતિયાણા — બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૯. ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, પોરબંદર, છાંયા, રાણાવાવ, કુતિયાણા — બહોળી પ્રસિધ્ધિ અર્થે.........
૧૦. સહાયકમાહિતી નિયામકશ્રી, પોરબંદર — દૈનિક વર્તમાન પત્રમાં વિના મૂલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.
૧૧. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ — આ સાથે ટાઈપ નકલ સામેલ છે, જેથી ગેઝેટમાં પ્રસિધ્ધી કરવા અર્થે.
૧૨. સીટી તલાટી મંત્રીશ્રી, પોરબંદર,છાંયા, રાણાવાવ, કુતિયાણા
૧૩. તલાટી મંત્રીશ્રી, કડછ, તા.પોરબંદર

<u>નકલ સવિનય રવાના :–</u>

૧. કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ગાંધીનગર ...જાણ અર્થે.

c:\home\n.p\new savinayraju-2015\corona virus file\covid-19\containment zone notification\rad containment zone notification\rad contaimaint zone notification.docx